EDI

Sandesh

May 19, 2011
Page No. 5

પછાત વિદ્યાર્થીઓને અંગ્રેજી અને કોમ્પ્યુટરનું જ્ઞાન આપતી 'હમારી પાઠશાલા'

■ ઇડીઆઇના રાહુલે ૬૦૦ યુવાનોને રોજગારી અપાવી

અમદાવાદ, તા. ૧૮

અમદાવાદના સામાન્ય પરિવારમાંથી આવતા અને કોલેજકાળથી જ યુવાનો અને સમાજ માટે કંઇક ઉપયોગી કરવા તત્પર યુવાન રાહુલના પ્રયાસોથી આજે પછાત વર્ગના અંદાજે ૬૦૦ યુવાનો રોજગાર મેળવવા લાયક બન્યા છે. હાલમાં ૫૦૦ જેટલા યુવાનો અંગ્રેજી અને કોમ્પ્યુટરની તાલીમ મેળવી રહ્યા છે. આ પ્રયાસોને મળેલા હકારાત્મક પ્રતિભાવમાંથી પ્રેરાઇને રાહુલ આવનારા સમયમાં બહેનો માટે રોજગારી મળી રહે તેવી તાલીમ આપવા માટેની યોજના તૈયાર કરી રહ્યો છે.

રાહુલ ભદુડિયા

ગાંધીનગર પાસે આવેલી આંત્રેપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયામાંથી પીજીડીએસએનો અભ્યાસ કર્યા બાદ રાહુલ ભદુડિયાએ જૂન ૨૦૦૮માં મેઘાણીનગર ખાતે માત્ર ૧૦-૧૨ યુવાનો સાથે 'હમારી પાઠશાલા' શરૂ કરી હતી. આ અંગે મૂળ ગ્વાલિયરના અને અમદાવાદમાં જ જન્મેલા અને ઉછરેલા રાહુલનું કહેવું છે કે 'હું સામાન્ય પરિવારમાંથી આવું છું અને મને અનુભવ છે કે આ વર્ગના યુવાનો પર ઘર ચલાવવાની મોટી જવાબદારી હોય છે. સારી જોબ મેળવવી હોય તો અંગ્રેજી અને કોમ્પ્યુટરનું જ્ઞાન જરૂરી છે. આ વિચારે મને 'હમારી પાઠશાલા' શરૂ કરવાની પ્રેરણા આપી. મારા મિત્રો અને ઇડીઆઇની ટેકનિકલ મદદથી મેં યુવાનો માટે અંગ્રેજી અને કોમ્પ્યુટરની તાલીમ આપવાનું શરૂ કર્યું. આજે 'હમારી પાઠશાળા'માં ભણેલા ૬૦૦ જેટલા યુવાનો વિવિધ પ્રકારની રોજગારી મેળવી રહ્યા છે.'

મહત્ત્વની બાબત એ છે કે હમારી પાઠશાળાની બીજી શાખા બાપુનગર ખાતે શરૂ કરવામાં આવી. આ શાખાનું તમામ વ્યવસ્થાપન અહી જ તૈયાર થયેલા વિદ્યાર્થીઓ કરે છે. આજે આ પ્રકારે ૮ યુવાનો સંસ્થાને પોતાનું યોગદાન આપી અન્ય યુવાનોને તૈયાર કરવાનું કામ કરી રહ્યા છે. યુવાનો બાદ પછાત કે ગરીબ વર્ગની યુવતીઓ આત્મનિર્ભર બને તે માટે ૧ જૂનથી 'બ્યુટી સ્કૂલ' શરૂ કરવાની યોજના છે. જેમાં બ્યુટી પાર્લર અંગેની બેઝિક તાલીમ આપવામાં આવશે.